Volume-4, Issue-11, November 2017 ISSN: 2349-7637 (Online)

RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)

Research Paper

Available online at: www.rhimrj.com

# ખાનગી અને સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોના કાર્ય સંતોષ નો અભ્યાસ

Heena S. Joshi
Research Scholar,
Department of Psychology,
C U Shah University,
Surendranagar, Gujarat (India)

પ્રસ્તુત સંશોધનનો હેતુ ખાનગી અને સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોના કાર્યસંતોષ નો અભ્યાસ કરવાનો હોવાથી સુરેન્દ્રનગર જિલ્લાના ખાનગી અને સરકારી શાળામાં નોકરી કરતા ૨૪૦ શિક્ષકોને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેઓના કાર્યસંતોષ નો અભ્યાસ કરવાનો હોવાથી બ્રેફિલ્ડ રોથ રચિત વ્યાવસાયિક સંતોષ તુલાનું પરિખ દ્વારા કરાયેલ ગુજરાતી રૂપાંતર તુલાનો ઉપયોગ કરી માહિતી પ્રાપ્ત કરવામાં આવી. પ્રાપ્ત થયેલ માહિતીનું આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ કરવા માટે t ટેસ્ટ નો ઉપયોગ કરવામાં આવ્યો. પરિણામ દર્શાવે છે કે, ખાનગી શાળામાં નોકરી કરતા શિક્ષકો કરતા સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળેલ છે, તેમજ સ્ત્રી શિક્ષકો કરતા પુરૂષ શિક્ષકો નો કાર્યસંતોષ વધુ જોવા મળેલ છે, તેમજ શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકો કરતા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળેલ છે.

**પ્રસ્તાવના :–**

મનુષ્યની અડધી જિંદગી વ્યવસાયમાં પસાર થાય છે બાકીની જિંદગીનો ૨૫% હિસ્સો વ્યવસાય પસંદગી કે તેની સફળતાની વિચારણામાં પસાર થાય છે. વ્યવસાય માનવી માટે રોજીરોટી, રહેઠાણ, માનપાન, પ્રતિષ્ઠા, નક્કી કરે છે વ્યવસાયમાં સફળતા મળતા વ્યકિત વ્યકિતત્વવિકાસ કરી સ્વતૃપ્તિ અને આત્મસાર્થકતા નો ભાવ અનુભવી શકે છે. ભારતનું ભાવિ વર્ગખંડમાં ઘડાય છે. એટલે કે રાષ્ટ્રના ભાવિ નાગરિકો તૈયાર કરવાનું મહત્વનું કાર્ય શિક્ષકોના શિરે છે. ત્યારે શાળાના શિક્ષકોનો કાર્યસંતોષ અગત્યનો બની રહે છે. જો શિક્ષક કાર્યસંતોષ અનુભવતો હશે તો વિદ્યાર્થીઓનું યોગ્ય ઘડતર કરી શકશે.

શિક્ષકોને પોતાના વ્યવસાય પ્રત્યે સંતોષ હોય તો તેના વ્યકિતગત ફાયદાની સાથે સાથે સમાજના ઉત્કર્ષ માટે પણ મહત્વનું છે. શિક્ષકોના કાર્યસંતોષ ની અસર તેના વર્તન–વ્યવહાર પર પડે છે. શિક્ષકોની જરૂરિયાતો જેવી કે, સલામતી, કદર, સ્વતંત્રતા, આર્થિક સધ્ધરતા વગેરે સંતોષાતી નથી ત્યારે તે તાણ અનુભવે છે. તેની સીધી અસર તેના શિક્ષણકાર્ય, સહકાર્યકર અને વિદ્યાર્થીઓ સાથેના વ્યવહારમાં જોવા મળે છે.ઘણીવખત શિક્ષકોને ફાજલ થવાનો ભય સતાવે છે અથવા ખાનગી શાળાના શિક્ષક ને સંચાલકો પાણીચુ પકડાવી દેતા હોય છે. વિદ્યાર્થીઓની સંખ્યા ઘટે એમાં શિક્ષક એકલાનો જ વાંક હોતો નથી તેની પાછળ ઘણા બધા કારણો જોડાયેલા હોય છે. વળી, વિદ્યાર્થીઓનું ભાવિ શાળામાં આકાર લે છે તો શાળામાં શિક્ષકની ભૂમિકા કુંભાર ના કાર્ય જેવી છે. વિદ્યાર્થીઓના ઉજળા ભાવિઘડતર માટે પણ શિક્ષકનો કાર્યસંતોષ જરૂરી છે.

**કાર્ય સંતોષ ની વ્યાખ્યા :–**

" વ્યવસાય સંતોષ એ વ્યવસાય કર્તાના વ્યવસાય પ્રત્યેના વિવિધ મનોવલણો છે આ મનો વલણો વિશિષ્ટ વ્યવસાય ઘટકો, વ્યકિતગત લાક્ષણિકતાઓ અને વ્યવસાય બહારના સમૂહ સંબંધો એમ ત્રણ વિભાગમાં વહેંચાયેલા છે. "

**– બ્લુમ (૧૯૫૬)**

"વ્યવસાય સંતોષ એ કંઇ વિશિષ્ટ મનોવલણ નથી પરંતુ એક સામાન્ય મનોદશા છે."

**– હોપોક (૧૯૩૫)**

**શિક્ષકો ના કાર્યસંતોષનું મહત્વ**

(૧) વિદ્યાર્થીઓના ઉજળા ભાવિ માટે શિક્ષકોનો કાર્યસંતોષ અગત્યનો છે.

(૨) જે શિક્ષક ને કાર્યસંતોષ ન હોય પોતાનું ભાવિ ડામાડોળ લાગતુ હોય, સતત ભયભીત, તાણગ્રસ્ત હોય, માનસિક ચિંતા થી ઘેરાયેલો હોય તે શિક્ષક જ્ઞાનનું ઉપાર્જન કેવી રીતે કરી શકે ?

(૩) શિક્ષક ને ભણાવવા સિવાય અન્ય કાર્યો સોંપવામાં આવે છે કેટલીક ખાનગી શાળામાં તો સારૂ પરિણામ લાવવાનું રીતસરનું દબાણ થતું હોય છે તો આ પરિસ્થિતિમાં શિક્ષક ને ઘણી તકલીફોનો સામનો કરવો પડે છે. જેની અસર શિક્ષકના કાર્યસંતોષ અને વિદ્યાર્થી બંન્ને પર પડે છે.

(૪) ઘણા શિક્ષકો નોકરી અર્થે પરિવાર થી દુર રહેતા હોય છે. તો તેથી પણ તેના કાર્યસંતોષ પર અસર પડે છે. ભાવાત્મક રીતે વિખરાયેલો શિક્ષક વિદ્યાર્થીઓમાં શિક્ષણ, સંસ્કાર, સ્થિતપ્રજ્ઞતા જેવા ગુણો નું સિંચન કેવી રીતે કરી શકશે ?

(૫) ઘણા શિક્ષકો પોતાના વેતનથી સંતુષ્ટ નથી હોતા અથવા જાહેર રજાઓમાં પણ કામ કરવુ પડતું હોવાથી કાર્યબોજ થી દબાયેલા હોય છે.

(૬) વિદ્યાર્થીઓ ને કરાવવામાં આવતી ઇતર પ્રવૃતિઓને કારણે અભ્યાસ ક્રમ પૂર્ણ કરવામાં મુશ્કેલી પડે છે તો વળી ઘણા તો યંત્રવત કોર્ષ પૂર્ણ કરાવી લે છે પરંતુ સંતોષ અનુભવતા નથી.

(૭) શિક્ષક ભલે સરકારી કે ખાનગી શાળામાં જોડાયેલો હોય પરંતુ તેના કાર્ય અંગેની ભૂમિકા સ્પષ્ટ કરીને તેને પડતી મુશ્કેલીઓને જો સમજવામાં આવે તો ઘણાખરા પ્રશ્નો હલ થઇ શકે તેમ છે. શિક્ષકે જીવંત વ્યકિત અને ભાવિ સપનાઓને આંખમાં આંજી મથતા વિદ્યાર્થી સાથે કામ કરવાનું છે. આથી જો શિક્ષક સંતુષ્ટ હોય તો શિક્ષણ પ્રક્રિયા ચોકકસ રીતે અસરકારક બનશે.

**સંશોધનની સમસ્યા :–**

" ખાનગી અને સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકો ના કાર્યસંતોષ નો અભ્યાસ"

**સંશોધનના હેતુઓ :–**

પ્રસ્તુત સંશોધન નીચેના હેતુઓને ધ્યાનમાં રાખી ને કરવામાં આવેલ છે.

(૧) ખાનગી શાળામાં નોકરી કરતા શિક્ષકોના કાર્યસંતોષ નો અભ્યાસ કરવો.
(૨) સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોના કાર્યસંતોષ નો અભ્યાસ કરવો.
(૩) શાળાનો પ્રકાર, રહેઠાણનો વિસ્તાર અને જાતિ વગેરે જેવા પરિબળો ની શિક્ષકોના કાર્યસંતોષ પર થતી અસરો નો અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ :–**

પ્રસ્તુત સંશોધનને ધ્યાનમાં રાખીને નીચેની ઉત્કલ્પનાઓ રચવામાં આવી.

(૧) શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં કાર્યસંતોષ ના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.
(૨) શિક્ષકોની જાતિના સંદર્ભમાં કાર્યસંતોષ ના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.
(૩) શિક્ષકોના રહેઠાણ વિસ્તારના સંદર્ભમાં કાર્યસંતોષ ના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.
(૪) શિક્ષકોની શાળાના પ્રકાર અને જાતિની આંતરક્રિયાના સંદર્ભમાં કાર્યસંતોષ ના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.
(૫) શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં કાર્યસંતોષ ના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.
(૬) શિક્ષકોની શાળાના પ્રકાર અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં કાર્યસંતોષ ના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.
(૭) શિક્ષકોની શાળાના પ્રકાર, જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાના સંદર્ભમાં કાર્યસંતોષના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળશે નહિ.

**સંશોધન ના સાધનો :–**

પ્રસ્તુત સંશોધનનો હેતુ ખાનગી અને સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોના કાર્યસંતોષનો અભ્યાસ કરવાનો હોવાથી નીચે મુજબના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો.

**(૧) વ્યકિતગત મહિતી પત્રક :–**

અહી વ્યકિતને પોતાની અંગત માહિતી પૂછવામાં આવી.

**(૨) વ્યાવસાયિક સંતોષ તુલા :–**

પ્રસ્તુત સંશોધનના હેતુ ને ધ્યાનમાં રાખીને વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ કરવા માટે 'બેફિલ્ડ રોથ' રચિત વ્યાવસાયિક સંતોષ તુલાનું પરીખ દ્વારા કરાયેલ ગુજરાતી રૂપાંતરનો ઉપયોગ કરવામાં આવ્યો. આ તુલામાં કુલ ૧૮ વિધાનો છે. દરેક વિગતમાં પાંચ શકય ઉતરોમાંથી કોઇ એક ઉપર ખરાની નિશાની કરી પ્રત્યુતર આપવાનો છે.

**સંશોધનનો નિદર્શ :–**

પ્રસ્તુત સંશોધનમાં સુરેન્દ્રનગર જિલ્લા માંથી કુલ ૨૪૦ ખાનગી અને સરકારી શાળાના શિક્ષકો નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**સંશોધન યોજના :–**

પ્રસ્તુત સંશોધનનો હેતુ ખાનગી અને સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોના કાર્યસંતોષનો અભ્યાસ કરવાનો હોવાથી સુરેન્દ્રનગર જિલ્લામાંથી કુલ ૨૪૦ શિક્ષકોનો નિદર્શ પસંદ કરવામાં આવ્યો, અને બ્રેફિલ્ડ રોથ રચિત વ્યાવસાયિક સંતોષ તુલાનું પરીખ દ્વારા કરાયેલ ગુજરાતી રૂપાંતરનો ઉપયોગ કરી માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી અને ૨×૨×૨ ફેકટોરીયલ મુજબ F મુલ્ય શોધીને પરિણામો તારવવામાં આવ્યા હતા.

**પરિણામની ચર્ચા :–**

પ્રસ્તુત સંશોધનનો હેતુ ખાનગી અને સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોના કાર્યસંતોષનો અભ્યાસ કરવાનો છે.

૧. શાળાનો પ્રકાર [A]
- A1 = ખાનગી
- A2 = સરકારી

૨. જાતિ [B]
- B1 = પુરૂષો
- B2 = સ્ત્રીઓ

૩. રહેઠાણનો વિસ્તાર [C]
- C1 = ગ્રામ્ય
- C2 = શહેરી

**શિક્ષકોની શાળાનો પ્રકાર [A] અને કાર્યસંતોષ વચ્ચેની F કસોટી**
**શિક્ષકોની શાળાના પ્રકાર [A] પરિવર્ત્યના કાર્યસંતોષના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક**
**પરિણામ કોષ્ટક : ૧**

| શાળાનો પ્રકાર [A] | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| ખાનગી [A1] | 120 | 63.87 | 0.99 | 0.01 |
| સરકારી [A2] | 120 | 68.087 | | |

0.05 = 3.92
0.01 = 6.84

**શિક્ષકોની શાળાનો પ્રકાર [A] પરિવર્ત્યના કાર્યસંતોષ ના મધ્યકોના તફાવત દર્શાવતું L. S. D. કોષ્ટક**
**કોષ્ટક : ૨**

| No | Pairs | Mean diff | Sig |
|---|---|---|---|
| 1 | A1 VS A2 | 4.217 | 0.01 |

**0.05 = 1.30**
**0.01 = 1.70**

પરિણામ કોષ્ટક નં ૧ જોતા જણાય છે કે શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં ગણતરી કરી ને પ્રાપ્ત થયેલા F ની કિંમત 9.99 છે જ્યારે 0.05 અર્થસૂચક કક્ષા એ F ની કિંમત 3.92 અને 0.01 અર્થસૂચક કક્ષાએ F ની કિંમત 6.84 છે. અહિં પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત અસાર્થક છે. તેથી કહી શકાય કે, ખાનગી શાળામાં નોકરી કરતા શિક્ષકો કરતા સરકારી શાળામાં નોકરી કરતાં શિક્ષકોનો વ્યાવસાયિક સંતોષ વધુ જોવા મળે છે.

શિક્ષકોની શાળાના પ્રકારના સંદર્ભમાં L.S.D તફાવત પણ 0.01 અર્થકક્ષાએ સાર્થક જોવા મળે છે અહી A1 VS A2 પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે 63.87 અને 68.087 છે બંન્ને વચ્ચેનો તફાવત 4.217 છે જે 0.01 અર્ધકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે ખાનગી શાળામાં નોકરી કરતા શિક્ષકો કરતાં સરકારી શાળામાં નોકરી કરતાં સરકારી શાળામાં નોકરી કરતાં શિક્ષકોનો કાર્યસંતોષ વધુ છે.

**શિક્ષકોની જાતિ [B] અને કાર્યસંતોષ વચ્ચે F કસોટી**
**પરિણામ કોષ્ટક : ૩**

| જાતિ [B] | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| **પુરૂષો [B1]** | 120 | 68.72 | 27.25 | 0.01 |
| **સ્ત્રીઓ [B2]** | 120 | 63.23 | | |

0.05 = 3.92
0.01 = 6.84

**શિક્ષકોની જાતિ [B] પરિવર્ત્યના કાર્યસંતોષ ના મધ્યકોના તફાવત દર્શાવતું L.S.D કોષ્ટક**
**કોષ્ટક : ૪**

| No | Pairs | Mean diff | Sig |
|---|---|---|---|
| 1 | B1 VS B2 | 5.49 | 0.01 |

0.05 = 1.30
0.01 = 1.70

પરિણામ કોષ્ટક નં ૩ જોતા જણાય છે કે શિક્ષકોની જાતિના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલા F ની કિંમત 27.25 છે જ્યારે 0.05 અર્ધકક્ષાએ F ની કિંમત 6.84 છે F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે અને કહી શકાય કે, સ્ત્રી શિક્ષકો કરતા પુરૂષ શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

શિક્ષકોની જાતિનાં સંદર્ભમાં L.S.D તફાવત પણ 0.01 અર્ધકક્ષાએ સાર્થક જોવા મળે છે. અહી B1 VS B2 ના મધ્યકો અનુક્રમે 68.72 અને 5.49 છે. જે 0.01 અર્ધકક્ષાએ સાર્થક જોવા મળે છે. તેથી કહી શકાય કે, સ્ત્રી શિક્ષકો કરતા પુરૂષ શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

**શિક્ષકોના રહેઠાણના વિસ્તાર [C] અને કાર્યસંતોષ વચ્ચે F કસોટી**
**પરિણામ કોષ્ટક : ૫**

| રહેઠાણનો વિસ્તાર [C] | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| ગ્રામ્ય [C1] | 120 | 67.21 | 18.14 | 0.01 |
| શહેરી [C2] | 120 | 67.75 | | |

**0.05 = 3.92**
**0.01 = 6.84**

**શિક્ષકોના રહેઠાણના વિસ્તાર [C] પરિવર્ત્યના કાર્યસંતોષ ના મધ્યકોના તફાવત દર્શાવતું L. S. D. કોષ્ટક**

**કોષ્ટક : ૬**

| No | Pairs | Mean diff | Sig |
|---|---|---|---|
| 1 | C1 VS C2 | 2.46 | 0.01 |

0.05 = 1.30
0.01 = 1.70

પરિણાક કોષ્ટક નં ૫ જોતા જણાય છે કે, શિક્ષકોના રહેઠાણના વિસ્તારના સંદર્ભમાં ગણતરી કરી ને પ્રાપ્ત થયેલા F ની કિંમત 18.14 છે જ્યારે 0.05 અર્ધકક્ષાએ F ની કિંમત 3.92 અને 0.01 અર્ધકક્ષાએ F ની કિંમત 6.84 છે અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે અને તારણ નીકળે છે કે શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકો કરતા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

શિક્ષકોના રહેઠાણના વિસ્તારના સંદર્ભમાં L.S.D તફાવત પણ 0.01 અર્ધકક્ષાએ સાર્થક જોવા મળે છે. જે કોષ્ટક નં ૬ માં જોવા મળે છે. અહી C1 VS C2 ના પ્રાપ્તાંકો અનુક્રમે 67.21 અને 64.75 છે. બંન્ને વચ્ચેનો તફાવત 2.46 જે 0.01 અર્ધકક્ષાએ સાર્થક છે તેથી કહી શકાય કે, શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકો કરતા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

**શિક્ષકોની શાળાના પ્રકાર [A] અને જાતિના [B] પરિવર્ત્યોના કાર્યસંતોષ ના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક**

**કોષ્ટક : ૭**

| Variable | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| A1 B1 | 60 | 66.32 | 22.14 | 0.01 |
| A1 B2 | 60 | 61.42 | | |
| A2 B1 | 60 | 71.12 | | |
| A2 B2 | 60 | 65.05 | | |

0.05 = 4.0
0.01 = 7.08

**શિક્ષકોની શાળાના પ્રકાર [A] અને જાતિના [B] પરિવર્ત્યોની આંતરક્રિયા ના સંદર્ભમાં કાર્યસંતોષના મધ્યકોના તફાવત દર્શાવતું L.S.D કોષ્ટક**

**કોષ્ટક : ૮**

| No | Pairs | Meandiff | Sig |
|---|---|---|---|
| 1 | A1 B1 VS A1 B2 | 4.9 | 0.01 |
| 2 | A1 B1 VS A2 B1 | 4.8 | 0.01 |
| 3 | A1 B1 VS A2 B2 | 1.27 | NS |
| 4 | A1 B2 VS A2 B1 | 9.7 | 0.01 |
| 5 | A1 B2 VS A2 B2 | 3.63 | 0.01 |
| 6 | A2 B1 VS A2 B2 | 6.07 | 0.01 |

0.05 = 1.84
0.01 = 2.42

પરિણામ કોષ્ટક નં ૭ જોતા જણાય છે કે, શિક્ષકોની શાળાના પ્રકાર અને જાતિની આંતરક્રિયાના સંદર્ભમાં ગણતરી કરીને પ્રાપ્ત થયેલા F ની કિંમત 22.14 છે જ્યારે 0.05 અર્ધસૂચક કક્ષાએ F ની કિંમત 4.0 અને 0.01 અર્ધકક્ષાએ F ની કિંમત 7.08 છે. અહી પ્રાપ્ત થયેલ F ની કિંમત મોટી છે તેથી તફાવત સાર્થક છે. અને તારણ નીકળે છે કે, શિક્ષકોની શાળાના પ્રકાર અને જાતિની આંતરક્રિયાની શિક્ષકોના કાર્યસંતોષ પર સાર્થક અસર જોવા મળે છે.

પરિણામ કોષ્ટક નં ૮ જોતા જણાય છે કે, L.S.D તફાવત 5 Pairs માં 0.01 અર્ધકક્ષાએ સાર્થક અને 1 Pairs માં અસાર્થક જોવા મળે છે. જેમાં A1 B1 VS A1 B2 અનુક્રમે 66.32 અને 61.42 છે. બંન્ને વચ્ચેનો તફાવત 4.9 છે. જે 0.01 અર્ધકક્ષાએ સાર્થક છે. તેથી કહી શકાય કે, ખાનગી શાળાના સ્ત્રી શિક્ષકો કરતા ખાનગી શાળાના પુરૂષ શિક્ષકોનો કાર્યસંતોષ વધે જોવા મળે છે. તેમજ A2 B1 VS A2 B2 જોતા કહી શકાય કે, સરકારી શાળાના સ્ત્રી શિક્ષકો કરતા સરકારી શાળાના પુરૂષ શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

**શિક્ષકોની જાતિના [B] અને રહેઠાણના વિસ્તાર [C] પરિવર્ત્યોના કાર્યસંતોષ ના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક**

**કોષ્ટક : ૯**

| Variable | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| B1 C1 | 60 | 70.025 | 19.01 | 0.01 |
| B2 C2 | 60 | 67.42 | | |
| B1 C1 | 60 | 64.4 | | |
| B2 C2 | 60 | 62.075 | | |

0.05 = 4.0
0.01 = 7.08

**શિક્ષકોની જાતિના [B] અને રહેઠાણના વિસ્તાર [C] પરિવર્ત્યોની આંતરક્રિયા ના સંદર્ભમાં કાર્યસંતોષના મધ્યકોના તફાવત દર્શાવતું L.S.D કોષ્ટક**

**કોષ્ટક : ૧૦**

| No | Pairs | Mean diff | Sig |
|---|---|---|---|
| 1 | B1 C1 VS B1 C2 | 2.605 | 0.01 |
| 2 | B1 C1 VS B2 C1 | 5.625 | 0.01 |
| 3 | B1 C1 VS B2 C2 | 7.95 | 0.01 |
| 4 | B1 C2 VS B2 C1 | 3.02 | 0.01 |
| 5 | B1 C2 VS B2 C2 | 5.345 | 0.01 |
| 6 | B2 C1 VS B2 C2 | 2.33 | 0.05 |

0.05 = 1.84
0.01 = 2.42

કોષ્ટક ૯ જોતા જણાય છે કે, શિક્ષકોની જાતિ અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાની શિક્ષકોના કાર્યસંતોષ પર સાર્થક અસર જોવા મળે છે. અને કોષ્ટક ૧૦ જોતા કહી શકાય કે, શહેરી પુરૂષ શિક્ષકો કરતા ગ્રામ્ય પુરૂષ શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

B2C1 VS B2C2 ના મધ્યકો જોતા જણાય છે કે, શહેરી સ્ત્રી શિક્ષકો કરતા ગ્રામ્ય સ્ત્રી શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

**શિક્ષકોની શાળાના પ્રકાર [A] અને રહેઠાણના વિસ્તાર [C] પરિવર્ત્યોના કાર્યસંતોષ ના મધ્યકો અને F દર્શાવતું કોષ્ટક**

**કોષ્ટક : ૧૧**

| Variable | N | Mean | F | Sig |
|---|---|---|---|---|
| A1 C1 | 60 | 65.27 | 25.93 | 0.01 |
| A2 C2 | 60 | 62.47 | | |
| A1 C1 | 60 | 69.15 | | |
| A2 C2 | 60 | 67.03 | | |

0.05 = 4.0
0.01 = 7.08

**શિક્ષકોની શાળાના પ્રકાર [A] અને રહેઠાણના વિસ્તાર [C] પરિવર્ત્યોની આંતરક્રિયા ના સંદર્ભમાં કાર્યસંતોષના મધ્યકોના તફાવત દર્શાવતું L.S.D કોષ્ટક**

**કોષ્ટક : ૧૨**

| No | Pairs | Mean diff | Sig |
|---|---|---|---|
| 1 | A1 C1 VS A1 C2 | 2.8 | 0.01 |
| 2 | A1 C1 VS A2 C1 | 3.88 | 0.01 |
| 3 | A1 C1 VS A2 C2 | 1.75 | NS |
| 4 | A1 C2 VS A2 C1 | 6.68 | 0.01 |
| 5 | A1 C2 VS A2 C2 | 4.55 | 0.01 |
| 6 | A2 C1 VS A2 C2 | 2.12 | 0.05 |

**0.05 = 1.84**
**0.01 = 2.42**

કોષ્ટક ૧૧ જોતા જણાય છે કે, શિક્ષકોની શાળાના પ્રકાર અને રહેઠાણના વિસ્તારની આંતરક્રિયાની શિક્ષકોના કાર્યસંતોષ પર સાર્થક અસર જોવા મળે છે. અને પરિણામે કોષ્ટક ૧૨ જોતા જણાય છે કે, A1C1 VS A1C2 એટલે કે, ખાનગી શાળાના શહેરી શિક્ષકો કરતા ખાનગી શાળાના ગ્રામ્ય શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે. અને A2C1 VS A2C2 જોતા જણાય છે કે, સરકારી શાળાના શહેરી શિક્ષકો કરતા સરકારી શાળાના ગ્રામ્ય શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળે છે.

**શિક્ષકોની શાળાના પ્રકાર [A] જાતિ [B] અને રહેઠાણના વિસ્તાર [C] વચ્ચેની આંતરક્રિયા ની F કસોટી**

**કોષ્ટક : ૧૩**

| Variable | N | Meandiff | F | Sig |
|---|---|---|---|---|
| A1B1C1 | 30 | 68.25 | | |
| A1B1C2 | 30 | 64.40 | | |
| A1B2C1 | 30 | 62.30 | | |
| A1B2C2 | 30 | 60.55 | | |

| | | | | |
|---|---|---|---|---|
| A2B1C1 | 30 | 71.80 | 37.37 | 0.01 |
| A2B1C2 | 30 | 70.45 | | |
| A2B2C1 | 30 | 66.50 | | |
| A2B2C2 | 30 | 63.60 | | |

**નિષ્કર્ષ :–**

(૧) ખાનગી શાળામાં નોકરી કરતા શિક્ષકો કરતા સરકારી શાળામાં નોકરી કરતા શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળેલ છે.

(૨) સ્ત્રી શિક્ષકો કરતા પુરૂષ શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળેલ છે.

(૩) શહેરી વિસ્તારમાં રહેતા શિક્ષકો કરતા ગ્રામ્ય વિસ્તારમાં રહેતા શિક્ષકોનો કાર્યસંતોષ વધુ જોવા મળેલ છે.

**સંદર્ભ ગ્રંથો :–**

(૧) બ્રેફિલ્ડ રોથ રચિત અને પરિખ દ્વારા કરાયેલ ગુજરાતી રૂપાંતર – વ્યાવસાય સંતોષ તુલા

(૨) A.M. Chocha – A Psychological Study of mental hygiene – hob involment and job satisfaction of the workers of Gujarat ambuja cement ltd. Kodinar

(૩) ડો. અભય ત્રિવેદી – બિન પ્રચલીત આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓ

(૪) એ.જી.શાહ, જે.કે દવે – સંશોધન પધ્ધતિઓ

*2016, RHIMRJ, All Rights Reserved*

*ISSN:* 2349-7637 (Online)